# EDITORIAL

## Shashi's sallies

Congress MP from Thiruvananthapuram Shashi Tharoor has once again set the cat among the pigeons with his statement, factoring in the clarification he issued, which amounted to saying that while he conceded most Hindus do indeed believe Lord Ram was born at the Ayodhya Janmasthan, he kind of hoped that no 'good' Hindu would want a temple to be built by destroying another's place of worship. His 'unclarified' statement, as it were, made at a literary event previously, seemed to suggest that no good Hindu would want a Ram Temple at Ayodhya which the BJP, of course, has latched on to. While it suits the BJP – whose spokesperson stretched logic to its extremities by discerning in Tharoor's statement evidence that the Congress high command was trying to whip up sentiment against the construction of a Ram Temple – to play the issue for as long as it has traction given the coming Assembly polls, the Congress needs to get a fix on what its campaign pitch will be. Tharoor is willy-nilly a front, even if he doesn't intend to be, for those in the party who seem to be convinced that there is space in the polity for a 'reclaimed' Hindu mainstream which in their view is uncomfortable with the 'hard line' taken by some in the BJP. This section of Congress leaders' thinking is that co-terminus with wooing the minority vote which is anyway not going to the BJP and has to be fought for by the Congress with various regional forces in different States, it makes sense to make a play for the 'moderate', relatively educated, urban 'Hindu' vote. But much like its new-found love for Hindu symbols, identities and temples, in articulating this allegedly evolved, 'moderate' view, the party does itself no favours by statements of the Tharoor kind which end up offending most people because they are seen as utilitarian. The gift of the gab has its pitfalls. The BJP too, however, needs to take note of this development within Congress ranks rather than only use hyperbole to hit these perceived full tosses out of the park. For, as the lasting legacy of one from its own pantheon, AB Vajpayee, has shown, there is indeed a place for moderate politics from an Indic tradition that he epitomised. If middling achievements on secular issues such as the economy, infrastructure, jobs and services are the cause of anti-incumbency against the BJP, a moderate line may be better placed to counter it than amplifying fundamentals.

## Here we go again

We are at that time of the year when pollution level rises and the Government, like every year, steps in to try and control it

There is an eerie similarity between the discomforting presence of pollutants in the atmosphere and the authorities tasked to tackle the problem of air pollution in the Capital. Both seem to work in tandem, making their appearance annually during this time of the year. That, at least, is what has been the trend over the last few years. The Delhi Government's move to bring the Graded Response Action Plan (GRAP) into force confirms that the authorities have got into the act but not before a sharp spike in air pollution levels was recorded. The emergency action plan has been put into motion as the worsening air quality, which is expected to deteriorate further as we move into the crucial months of November and December. Apart from dust (both roadside and construction) and vehicular pollution, crop stubble burning in the neighbouring States of Haryana and Punjab starts having impact as it has this year, too, by the middle of October, and then there is a sharp spike in air pollution on a couple of days either side of Diwali. What aggravates the situation is that there is no reprieve from rainfall. Instead, as winter approaches, the smog that envelopes the atmosphere makes white clouds of September appear as a grey smog. This is exactly the time when the authorities wake up and get into action. It's just like a sick person going to a doctor after her/his illness has got aggravated and s/he cannot take it anymore. GRAP is a response system which merely responds to the way the weather conditions and level of pollutant from different sources change. It's not a pre-emptive strike against the coming danger but follow-up action.

Admittedly, the Capital's battle against air pollution received fresh impetus when in 2016 the Supreme Court ordered the Government to bring GRAP in force and consequently it came into force in January 2017 with the best of intentions. It entailed a systematic approach to tackle each type and level of air pollution. Depending on how critical the situation is, it calls for measures like a ban on construction activities, ban on stone crushing, enhancing parking fees, and rolling out the odd-even road vehicle rationing scheme, besides calling for a ban on the use of diesel gensets.

But while GRAP is in force, we cannot just sit back and think the system alone will tackle the situation. The fact is that the graded response formula can never be successful unless the State and the Centre, not to mention various agencies, coordinate among themselves better. Delhi alone has 16 agencies often working at cross-purposes which leads to a delay in decision-making. Politics between the Centre and the State is another issue with even officials nowadays busy exhibiting allegiance to political parties rather than the people of Delhi. Despite knowing that crop stubble burning is a recurring annual problem, enough has not been done to, if not eradicate, then at least minimise it. The ring of fire around Karnal in Haryana, for example, is there for all to see. Appropriate steps have not been taken. It is also ironical that fearing a Supreme Court ban on firecrackers as Diwali approaches, shopkeepers had set up shops months in advance so people could stock up before any restrictions on sale came into force. Politics between the Centre and the State is another issue with even officials nowadays busy exhibiting allegiance to political parties rather than the people of Delhi.But then it is we, the people, who buy them. The reality is we need to be prepared for another winter of discontent and ill health.

Edi.:Chunilal S. Bhatt, Printer & Pub. : Mayur C. Bhatt, Place of Pub. : 201-2-8, Nandan Com., Opp. Mithakhali Rly Crossing, Mithakhali, Ahd-6 Place of Printing : Kewal Offset B-8,J.K Estate, Nr.Kalpnabhumi Estste,Opp.Ravi Estste,Nr. Dudheswar Watertank, Dudheswar, Ahd-4 Owner : Kalyani Pub. Pvt. Ltd.

# A peaceful living for the leopard

Amid the sorrowful story of the two super cats — the Asiatic Lion and Royal Bengal Tiger — is the story of the smartest big cat, the Indian leopard, which is on the path to re-capturing its lost habitats...

The two super cats, the Asiatic lion and the Royal Bengal tiger, drew the maximum attention of conservationists in India. But the third largest cat, the Indian leopard, has its own story under the shadow of its two big tribes. Two recent stories — one, the death of 23 lions in Gir due to CDV and Protozoa infections and second, the hunt for a man-eating tiger in Maharashtra — grabbed headlines in Indian newspapers and electronic media.

But this story is about the smartest big cat — the Indian leopard (Panthera pardus fusca), a sub-species of the nine subspecies of all leopards in the world. It is widely distributed across the country — from Jammu & Kashmir in the north-west to the southern part of Tibet in China in the north-east Himalayas to Cape Comorin in the south and from the Gir forest (Saurashtra) and thorn forest in the arid zone of Kachchh in the west to the moist forest of Myanmar in the eastern border of India.

Although a majority of the leopards are confined in India, small populations are also found in Nepal, Bhutan, Bangladesh, Myanmar, Pakistan and small areas of southern China adjoining Myanmar. Each of the other seven sub-species of the Asian leopard has a small population, below one thousand, in different Asian countries. After the African leopard, only the Indian leopard has a viable population. The Indian leopard occurs up to a height of about 5,200 meters in the Himalayas where their habitat meets the lower altitude of the snow leopard. A study revealed that the distribution range of the Indian leopard reduced to 28 per cent of its historical distribution range, although the big cat enjoys the highest protection level in our country as it is placed in Schedule-I of the Wildlife Protection Act, 1972.

According to an article published in the Indian Forester in January 1907, a total of 811 leopards and 1,355 tigers were officially killed in 1905 to reduce their menace. Level of killing in the preceding year (1904) was also at the same level. Thus, about 800 to 900 leopards were killed annually in the beginning of the 20th century which increased subsequently later.

It was also mentioned that leopards killed 401 human beings and 44,845 livestock in 1905. Hunting licenses were issued freely to kill wild animals, including leopards. A total of 37,720 hunting licences in 1904 and 37,833 in 1905 were issued in India. As per records, 150,000 leopards were hunted in British India



during a span of 50 years (1875-1925) at an annual rate of 3,000 leopards. It was estimated that 100 years ago, India had over 10 times the present population of the tiger. By extending similar logic and studying hunting records, it can be said that the Indian forests had a high population of the leopard before the Second World War. Thereafter, they were killed in thousands, which pushed them to become near extinct. However, conservation measures have reversed the trend.

Distribution range: In a majority of the Indian States, the leopards are dispersing in new areas due to which its population is recovering. Until a few years ago, Punjab was considered to be a non-tiger State as the animal occasionally visited in the winter from the hills of Himachal Pradesh. But in recent times, the Leopards have made a come back in the lower Shivalik hills of Punjab, bordering Himachal Pradesh.

Similarly, about two and a half dozen of leopards marked their presence in the Shivalik of Haryana a decade ago. The animal dispersed from the Shivalik of Himachal Pradesh and from the Aravallis hill ranges of Rajasthan to the forests of Haryana. At present, forests in 10 districts in Shivalik and the Aravallis of Haryana have been captured by the leopards in good numbers.

At present, the Indian leopard is distributed in 29 States and one Union Territory. Uttarakhand, Gujarat, Madhya Pradesh, Karnataka, Chhattisgarh, Maharashtra, Rajasthan and Himachal Pradesh have over two-thirds of the total leopard population of the country. In the 1990s, the leopard's presence was recorded in 196 sanctuaries and national parks across 26 States of the country.

## Victoria leads in second Sports Technology Mission to India this year



Ahmedabad: Leading the way in sports technology, the State of Victoria embarked on its second sports technology trade mission to Mumbai and Delhi from 8th to 12th October. The delegation comprised of Australia's best sports industry exporters, who attended the annual India Sports Analytics Conference held in Mumbai. With Trade Victoria's significant focus on its sports industry's product and services export programs, the Sports Technology Trade Mission aims to build on the recent Governor's visit to India which focused on strengthening ties through sports.

Victoria is universally regarded as one of the world's sporting capitals. The Victorian sports tech delegation along with major sports bodies from Melbourne including Cricket Victoria, Elite Akademy Sports Medicine, Hockey Australia, One Management Group, Centre For Design Innovation – Swinburne University of Technology, Sportstg, Supacore & Victoria University will meet with over 400 delegates from across the fields of sports, analytics, marketing, technology and more at the conference. Victorian companies such as, Catapult Sports and La Trobe University are amongst the title sponsors of the conference, and active in India's growing professional sports industry.

India is a market of significant interest for Victorian sports companies who have expertise in infrastructure, events, community participation and sports analytics. The camaraderie and entertainment enjoyed through sport serves as a bridge to strengthen transnational friendship between the two nations. (19-10)

## Biofach India 2018, trade fair for organic food to be held in New Delhi from 25th

Ahmedabad: Agricultural and Processed Food Products Export Development Authority (APEDA) a statutory body under Ministry of Commerce, Government of India will be showcasing India's strength as major hub for organic food products, ingredients, commodities and processed food at the Three day Biofach India 2018, India's leading trade fair for organic food to be held in New Delhi from October 25-27, 2018 at Hall No. 7, Pragati Maidan.

Biofach India 2018, the largest event of organic agriculture and organic food sector of India having the presence of entire organic agriculture and food fraternity from across the country is being organized jointly by the NurnbergMesse India and Agricultural Processed Food Products Export Development Authority (APEDA).

More than 500 delegates comprising of Exporters, processors, retail chain industry, certification bodies and producers from India and abroad will be participating in the Biofach 2018, the trade Fair-cum-Exhibition to discuss and have first hand feel of the Indian organic products including tea, spices, honey, basmati rice, coffee, cereals, dry fruits, vegetables, processed foods and medicinal plant. (1-7)

## Haier India Launches New "Easy Connect" LED Television

Ahmedabad: Consecutive Years*, has announced the launch of an all-new range of Easy Connect LED televisions in India (B9200WB series) for the festive season. The two new LED TV models LE43B9200WB (108cm–Full HD) and LE32B9200WB (80cm-HD) will offer consumers a true Smart viewing experience with the Smart Share feature.



Commenting on the launch, Mr Eric Braganza, President, Haier India said, "India is a strategic market for us and we believe in customer-inspired innovation. Adding joy to the celebrations this festive season, we are delighted to announce the launch of our new series of B9200WB LED TVs to address the evolving needs of our consumers. The new Haier Easy Connect LED TVs are designed to give more freedom to users to watch their favourite content without any complicated hassles. The new range will offer the best Smart viewing experience to our customers at an attractive price point." (19-10)

## ISUZU drives in the new mu-X SUV in India

Ahmedabad: Isuzu Motors India launched the much-awaited, new ISUZU mu-X in India, today. The new mu-X projects a more aggressive stance with its 'Eagle-inspired' styling and refreshed design at both front and rear of the SUV. The refreshed model of the mu-X now comes with sportier 'Lava Black' premium interior upholstery and fine quilted leather seats, taking the comfort level a notch higher in the 7-seater, full-size, premium SUV segment in India. The SUV is now packed with more features both on the exterior and interior with enhanced safety features including 6-Airbags and Hill Descent Control (HDC), addressing the needs of the modern Indian families.



Commenting about the new mu-X, Mr. Naohiro Yamaguchi, Managing Director, Isuzu Motors India, said, "The ISUZU mu-X has been gathering a lot of momentum in the Indian SUV market and is gradually becoming a preferred choice for many Indian families, thanks to its sheer space and comfort it offers. Today with the all new mu-X, we have upped the ante in our offering to the Indian SUV enthusiasts and changing lifestyle of Indian families, who seek 'more' from us. The new mu-X is a perfect answer to those who will appreciate the capability and value it offers. I strongly believe the new mu-X will go on to win many more hearts in India." (19-10)

## Cast of COLORS' visits Ahmedabad

Ahmedabad: Freedom, is possible by constantly struggling for it. Bringing alive this emotion of freedom, COLORS' social drama Udann revolves around the honest rendition of life and society's norms. Spearheading conversations on a taboo subject, bonded labour, Udaan was the first to bring to light the struggles of this archetype norm. Udann is Chakor's(Played by Meera Deosthale) journey from a confident little girl to fighting her battles, to becoming a mother and the various struggles she fought with courage for justice. Produced byDhaval Jayantilal Gada and Guroudev Bhalla Productions Pvt. Ltd, Udann airs every Monday to Saturday at 07:00pm on COLORS.



Today, the cast of the show Chakor (Played by Meera Deosthale) and Suraj (Played by Vijayendra Kumeria) visited Ahmedabad to celebrate Navratri and seek blessings from their viewers. Speaking about the same, MeeraDeosthalesaid, "My journey on the show has been quite enriching. The response I have received from the viewers in these few weeks, especially about my character Chakor has been humbling. Being in Ahmedabad today, and meeting my fans is truly overwhelming.For me Navratri is all about dance and colours, which I love the most! This is one festival that I always look forward to! And this is a perfect time to enjoy the Navratri festival along with the finger-licking Gujarati food. Would also want to wish all my fans happiness, health & prosperity, this Navratri!" (19-10)

## Baltra set to unveil a wide range of Value for Money products

Ahmedabad: Baltra aims to set the tone for the festive season with the launch of 9 new models in Personal Care segment.

Baltra one of the leading and fastest growing home appliance brands is all set to storm the market with a wide range of value for money products in the fast approaching festive season. To add a special zing to the festive spirits of its valued customers, Baltra is all set to roll out 40 new products which include 6 new models in its Sandwich and POP UP category and 5 new trendy and aesthetically beautiful products its Oven Toaster Grill (OTG) category. Among these, one model "Famillia 3" shall be truly a unique product with 3 interchangeable plates. Two new models of Cook Tops too are being introduced by Baltra at entry level which shall prove to be a game changer in Gas Stove industry.

Especially, Baltra has lined up new OTGs in 10 litre to 28 litre capacity to be launched in the festive season and the new product range shall include models with convection. Aggressively priced one of the new induction models of Baltra will be a touch screen model.

The company will also add two new models in its Induction range and seven new models in its exclusive Blender range which include various models with choppers.

A very sturdy looking Handy Garment Steamer too is being introduced by Baltra to strengthen its most desirable Electric Iron range. Low energy consumption is one of the most remarkable USPs of Baltra's products and it offers each and every home appliance a homemaker would ever desire.

Mr. Sunil Jain, Director, Baltra Home Products said, "We are ready with a wide range of exclusive products to enlighten the festive season with joy and happiness for our valued customers.

Most of these products are being launched in value for money bracket and that too with irresistible consumer offers and so we are very bullish on the expected upsurge in demand for our exclusive product line." (1-7)

**RADHE DEVELOPERS (INDIA) LIMITED**

CIN: L45201GJ1995PLC024491
Regd. Office: 1st Floor, Chunibhai Chambers, Behind City Gold Cinema, Ashram Road, Ahmedabad-380009
Phone: +91 79-26583381 | Website: www.radhedevelopers.com |
E-mail: secretarial@radheinfra.com

**NOTICE**

Pursuant to Regulation 29 read with Regulation 47 of the Securities and Exchange Board of India (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015 (Listing Regulations), Notice is hereby given that a meeting of the Board of Directors of the Company is scheduled to be held on **Friday, October 26, 2018,** inter alia, to consider and approve Unaudited Financial Results of the Company for the quarter and half year ended on September 30, 2018.

The said Notice may be accessed on the Company's website at www.radhedevelopers.com and may also be accessed on the Stock Exchange websites at www.bseindia.com.

Pursuant to this, the Company has decided that the close period (i.e. closure of trading window) would **commence from 6:00 p.m. on October 17, 2018 and end 48 hours after the results are made public on October 26, 2018.**

For **Radhe Developers (India) Limited**
Sd/-
**Dipen A. Dalal**
**Company Secretary & Compliance Officer**

Place: Ahmedabad
Date: October 17, 2018

# સંપાદકીય

## વેપારની સુરક્ષા

આંતરરાષ્ટ્રીય મુદ્રા કોષ (આઈએમએફ) અને વિશ્વ બેંકના પ્રમુખોએ વિશ્વ વેપારના સંકટ તરફ ઈશારો કરતાં અમેરિકા અને ચીનને પોતાનું વેપાર યુદ્ધ વહેલું સમાપ્ત કરવા અપીલ કરી છે. તેમણે અન્ય દેશોને પણ નિયમ અનુસાર કારોબાર કરવાનો અનુરોધ કર્યો છે અને કહ્યું છે કે એવું ન થતાં વૈશ્વિક અર્થવ્યવસ્થા ખરાબ સમયમાંથી પસાર થશે. આઈએમએફની પ્રબંધ નિર્દેશક ક્રિસ્ટીન લેગાર્ડે કહ્યું કે તે અમેરિકા અને ચીનને ઠંડા દિમાગથી વિચારવાની સલાહ આપશે. તે કહેશે કે બંને દેશો દુનિયાની વેપાર પ્રણાલીને દુરસ્ત કરવામાં મદદ કરે, તેને તોડે નહીં. તેમણે કહ્યુયં કે અમેરિકાની ફરિયાદો ડબ્લ્યુટીઓ દ્વારા દૂર કરી શકાય છે. લેગાર્ડ અને વિશ્વ બેંકના અધ્યક્ષ જિમ યોંગ કિમે આઈએમએફ અને વિશ્વ બેંકની વાર્ષિક બેઠક પ્રસંગે અલગ-અલગ વક્તવ્યોમાં પોતાના વિચાર રજૂ કર્યા.

આ બેઠક ઈન્ડોનેશિયાના બાલી દ્વીપમાં થઈ રહી છે. વિશ્વની આ બંને શીર્ષ આર્થિક સંસ્થાઓએ અર્થવ્યવસ્થાના મોરચે દેખાઈ રહેલ મનમાની અને દુનિયાનું ધ્યાન ખેંચતાં કહ્યું કે પરસ્પર તાલમેલથી જ વિશ્વ વેપાર સુચારુ રૂપે આગળ વધી શકે છે, જેનો લાભ દરેક દેશને મળશે. છેલ્લા કેટલાક સમયથી અમેરિકા અને કેટલાક અન્ય દેશ સંરક્ષણવાદી નીતિઓ અપનાવી રહ્યા છે અને બાહ્ય સામાનોની પોતાને ત્યાં આવકમાં બાધા ઊભી કરી રહ્યા છે.

ઘરેલુ ઉત્પાદનોને વધારવાની આ નીતિ તાત્કાલિક રૂપે ભલે ફાયદેમંદ દેખાય પરંતુ લાંબી અવધિમાં તેનાથી નુક્સાન થવું સ્વાભાવિક છે. અસલમાં ભૂમંડલીકરણ અને ઉદારીકરણનો મકસદ જ હતો કે તમામ દેશ એકબીજાની પૂંજી અને સામાન માટે પોતાના દરવાજા ખોલી દે અને એ ક્રમમાં કશું મેળવવા માટે કશું ખોવા પણ તૈયાર રહે. પરંતુ અત્યારે તો વૈશ્વિકીકરણના મૂળભૂત સિદ્ધાંતોને જ નકામા ગણાવાઈ રહ્યા છે. આજે અમેરિકા અને ચીને એકબીજાની પ્રોડક્ટ પર ભારે કર લગાવ્યા છે અને બંનેમાં સત્તાવાર વેપાર યુદ્ધ શરૂ થઈ ચૂક્યું છે. તેની અસર આ બે દેશો સુધી જ સીમિત નથી. ભારત, તુર્કી, કેનેડા, ઓસ્ટ્રેલિયા, જાપાન અને મેક્સિકોને તેનું સીધું નુક્સાન ભોગવવું પડી રહ્યું છે. અમેરિકાના સંરક્ષણવાદી વલણના જવાબમાં કેટલાક દેશોએ તેમના સામાન પર પણ કર વધારી દીધો છે. વર્લ્ડ બેંકનું આકલન છે કે અમેરિકા અને ચીનમાં વેપારી તણાવ વધી રહ્યો છે. તો આંતરરાષ્ટ્રીય વેપારમાં ૧૭ ટકા તરફ વૈશ્વિક સકલ ઘરેલુ ઉત્પાદમાં બે ટકા સુધીની કમી આવશે. કેટલાક નાણાંકીય સંગઠનોનો અભિપ્રાય છે કે ટ્રેડ વોર ૨૦૦૮થી પણ ભયાનક સ્થિતિ પેદા કરી શકે છે, જેનાથી કેટલાય સામાજિક-રાજકીય સંકટ પણ પેદા થઈ શકે છે. આશા છે, અમેરિકા અને ચીન તેમની વાત ગંભીરતાથી સાંભળશે.

# સ્વામી સાનંદના બલિદાનનો બોધ




સ્વામી જ્ઞાનસ્વરૂપ સાનંદના મોત પર આ સમયે જેટલી પ્રતિક્રિયાઓ થઈ રહી છે તેમાં મોટાભાગની તાત્કાલિક ભાવાવેશનું પ્રગટીકરણ છે. તે હરિદ્વારના માતૃસદનમાં ૨૨ જૂનથી અનશન પર હતા. આટલી લાંબી અવધિમાં ક્યાંય કોઈ હલચલ ન જોવા મળી. અન્ના હજારેએ દિલ્હીમાં બે વખત અનશન કર્યું તો ત્યાં મીડિયાનો ખડકલો થઈ ગયો. તેમના ધરણાને વ્યાપક સમર્થન મળ્યું. એ સમયે પણ તમામ વિવેકશીલ લોકો એ જ માનતા હતા કે એનાથી કંઈ બદલાવાનું નથી. બીજી તરફ વિકાસના નામે ગંગાને મોતથી બચાવવાના સંકલ્પની સાથે પ્રાણ ત્યાગવાનો નિશ્ચય કરી ચૂકેલા સ્વામી સાનંદના પક્ષમાં કેટલાક છૂટક કાર્યક્રમો થયા, પરંતુ બધા પ્રભાવહીન. માતૃસદનમાં પણ થોડા જ લોકોએ જઈને તેમને સમર્થન આપવાનો રિવાજ નિભાવ્યો. તેમના સમર્થનમાં ક્યારેય ચાર-પાંચ હજાર લોકોનું ટોળું ઉમટેલું ન જોવા મળ્યું. દેહ ત્યાગવા બાદ હવે બધા તેમની નોંધ લઈ રહ્યા છે, પરંતુ તેમાં નિશાના પર ફક્ત સરકાર છે, જ્યારે મૂળ વિષય ચર્ચાથી ગાયબ છે. આ બધાને પૂછવું જોઈએ કે ૧૧૨ દિવસોના અનશનમાં તમે કેટલા દિવસ તેમની નોંધ લીધી? તેમની માંગો પર કેટલી વાર મીડિયામાં ચર્ચા થઈ?

સ્વામી સાનંદનું મૂળ નામ ડો. ગુરદાસ અગ્રવાલ હતું. તેઓ એક એન્જિનિયર અને પર્યાવરણ વૈજ્ઞાનિક હતા. તેઓ મહાત્મા ગાંધી ચિત્રકૂટ ગ્રામોદય વિશ્વવિદ્યાલયમાં પર્યાવરણ વિજ્ઞાનના માનદ પ્રાધ્યાપક હતા. તે આઈઆઈટી, કાનપુરના સિવિલ એન્જિનિયરિંગ અને પર્યાવરણ વિભાગમાં પ્રાધ્યાપક, કેન્દ્રીય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડમાં પ્રથમ સચિવ અને રાષ્ટ્રીય નદી સંરક્ષણ નિર્દેશાલયના સલાહકાર રહી ચૂક્યા હતા. ગંગા પ્રત્યે તેમની નિષ્ઠાને કોઈ નકારી ન શકે. આ નિષ્ઠા ના તો અતાર્કિક હતી ના કપોળ કલ્પનાઓ પર આધારિત. તેની પાછળ દૂરગામી વિચાર અને માનવ સભ્યતાને બચાવવાની ભાવના હતી. જે સ્થિતિઓમાં તેમનું નિધન થયું તે બધાને વિચલિત કરી ગયું. ૮૬ વર્ષીય વ્યક્તિ જો અનશન પર હોય અને લાખ કોશિશ બાદ પણ ડગે નહીં તો સાફ છે કે તે લ-ય સામે શરીર મોહથી ઉપર ઊઠી ચૂક્યું છે.

ગયા એક દાયકાથી પણ વધારે સમયથી તેમનું આ જ વલણ રહ્યું હતું. આ તેમનું ચોથું અનશન હતું જે આખરી પણ સાબિત થયું. દર વખતે સમાધાન કરનારાઓએ કંઈક રસ્તો કાઢીને તેમના પ્રાણ બચાવ્યા. વર્ષ ૨૦૦૮, ૨૦૧૨માં તો ગોવિંદાચાર્યએ સક્રિય થઈને સરકાર સાથે વાર્તા કરીને કોઈક રીતે તેમના અનશન તોડાવ્યા. આ વખતે એવું ન થઈ શક્યું. તેઓ એના પર જીદે ચડ્યા હતા કે ગંગા માટે વિશેષ કાયદો બને જેમાં તેના પર બનનારી તમામ જળવિદ્યુત પરિયોજનાઓને રદ્દ કરવા અને ભવિષ્યમાં કોઈ પરિયોજના નહીં બનાવવાની વાત હોય. તેમને મનાવવા માટે કેન્દ્રીય મંત્રી ઉમા ભારતી બે વખત ખુદ માતૃસદન આવ્યાં, કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરીએ પોતાના પત્ર સાથે સંદેશાવાહક મોકલીને તેમના આંદોલનને ખતમ કરવાનો અનુરોધ કર્યો. ૯ ઓક્ટોબરે પણ હરિદ્વારના સાંસદ અને પૂર્વ મુખ્યમંત્રી રમેશ પોખરિયાલ નિશંક ફરીથી ગડકરીનો પત્ર લઈને તેમની પાસે પહોંચ્યા જેમાં ગંગા સફાઈ માટે થઈ રહેલ કાર્યોનું વિવરણ અને તેમની માંગો પર વિચાર કરવાનું આશ્વાસન હતું, પરંતુ સાંજ થતાં જ સ્વામી સાનંદે ઘોષણા કરી દીધી કે તેમણે બપોરથી જ પાણી છોડી દીધું છે. ત્યારબાદ જિલ્લા પ્રશાસને તેમને જબરદસ્તી ઋષિકેશ સ્થિત એઈમ્સમાં ભરતી કરાવી દીધા. તેના પહેલાં પણ તેમને ૧૧ જુલાઈના રોજ દેહરાદૂન સ્થિત દૂન હોસ્પિટલમાં ભરતી કરાવવામાં આવ્યા હતા. તેમને દૂન હોસ્પિટલમાં ભરતી કરાવવા વિરુદ્ધ લોકો ઉચ્ચ ન્યાયાલય ચાલ્યા ગયા. ઉચ્ચ ન્યાયાલયે રાજ્યના મુખ્ય સચિવને ૧૨ કલાકની અંદર સ્વામી સાનંદ સાથે બેઠક કરવા અને માંગો પર સહાનુભૂતિપૂર્વક વિચાર કરવાનો નિર્દેશ આપ્યો. તેમની માંગ પર વિચાર કરવો મુખ્ય સચિવના વશમાં ન હતો. તેમની સાથે વાતચીત થતી રહી, પરંતુ તે અનશન ત્યાગવા તૈયાર ન થયા. આ પ્રસંગોનો અહીં ઉલ્લેખ કરવો એટલા માટે જરૂરી છે, કારણ કે તે સ્પષ્ટ થઈ શકે કે જે લોકો તેમની સાથે હતા તેઓ પણ સ્થિતિની ગંભીરતાને સમજીને તેમનું અનશન તોડાવવામાં રુચિ નહોતા લઈ રહ્યા.

ગંગાની અવિરલતા અને પવિત્રતા વ્યાપક પ્રશ્ન છે. તેનું સમાધાન અનશનથી સંભવ પણ નથી. એવામાં જો કોઈ વ્યક્તિ અનશન પર બેસી જાય તો સરકારે પૂરતી સંવેદનશીલતા દાખવીને તેમને મનાવવાની હરસંભવ કોશિશ કરવી જ જોઈતી હતી. દેખીતું છે કે તેમાં કમી રહી ગઈ તો પછી તેમના સાથીઓનું વધારે દાયિત્વ હતું. વિભિન્ન સંગઠનોને લોકો પોતાનું સમર્થન આપીને પાછા આવી જતા હતા. તેમના જેવા વ્યક્તિત્વની આવી વિદાય ખરેખર દુઃખદ છે અને દેશ માટે એક બહુ મોટી ક્ષતિ પણ છે, પરંતુ સત્યાગ્રહ ક્યારેય જિદથી નથી થતો. આપણે ૧૩ જૂન ૨૦૧૧ના રોજ આ જ માતૃસદનના એક સંન્યાસી સ્વામી નિગમાનંદનું બલિદાન જોયું હતું. તે ગંગાના ખોદકામ વિરુદ્ધ આમરણ અનશન પર હતા. નિગમાનંદની હાલત ખરાબ થતી ગઈ, પરંતુ કોઈ નોંધ લેનારું ન હતું. જ્યાં સુધી પ્રશાસન ચેત્યું ત્યાં સુધી સ્થિતિ હાથમાંથી નીકળી ગઈ હતી. પ્રશાસને નિગમાનંદને ભરતી કરાવ્યા તે પણ જિલ્લા હોસ્પિટલમાં, જ્યાં સારવારની પૂરતી સુવિધાઓ પણ નથી હોતી. જ્યારે ત્યાં સ્થિતિ બગડી અને તેમના સમર્થકોએ સોશ્યલ મીડિયાના માધ્યમથી મુદ્દો ઉઠાવવો શરૂ કર્યો ત્યારે જઈને તેમને હિમાલયન ઈન્સ્ટિટ્યૂટમાં ભરતી કરાવ્યા, પરંતુ ત્યાં સુધી વાર થઈ ગઈ હતી. જોકે નિગમાનંદના બલિદાનથી ગંગાનું ખોદકામ ઘણી હદે અટકી ગયું, પરંતુ ગંગાની પરેશાનીઓનો અંત ન આવ્યો.

ગંગાની અવિરલતાનો અર્થ છે તમામ જળવિદ્યુત અને સિંચાઈ પરિયોજનાઓનો અંત. કોઈ સરકાર એ ન કરી શકે. જૂન ૨૦૦૮માં જ્યારે ઉત્તરાખંડ સ્થિત ઉત્તરકાશીમાં ભાગીરથીના તટ પર આ જ જી.ડી. અગ્રવાલ, જેઓ એ સમયે સ્વામી સાનંદ બન્યા ન હતા, તેઓ આમરણ અનશન પર બેઠા હતા તો સ્થાનિક લોકોએ હંગામો કર્યો અને પ્રશાસને તેમને કડક સુરક્ષા વચ્ચે ત્યાંથી હટાવવા પડ્યા. આ ઘટના ઉત્તરાખંડ સરકાર દ્વારા પાલા મનેરી અને ભૈરોંઘાટી જળવિદ્યુત પરિયોજનાઓને સ્થગિત કરવાની ઘોષણાના બીજા દિવસે થઈ. જનતાએ તેમને કહ્યું હતું કે તમે અમારા વિકાસને બાધિત કરી રહ્યા છો. એવા અભિયાન ત્યાં સુધી સફળ ન થઈ શકે જ્યાં સુધી જનતાને સમજાય નહી કે જેને તમે વિકાસ સમજી રહ્યા છો તે ભવિષ્ય માટે કેટલું વિનાશકારી છે. સ્વામી સાનંદની માંગનું વિસ્તારિત રૂપ એ જ હતંર કે વિકાસનું પૂરું માળખું બદલી નાખવામાં આવે. એટલા માટે રીત એ જ હતી કે જેટલું તત્કાળ સંભવ છે એટલું સરકારો પાસે કરાવે અને ભવિષ્ય માટે જનજાગૃતિ ચલાવીને ધીમે ધીમે લોકોને જોડે. સરકારે ગંગાને રાષ્ટ્રીય નદી જાહેર કરી અને ગંગા રાષ્ટ્રીય બેઝિન પ્રાધિકરણ સુદ્ધાંની રચના કરી. તેમ છતાં જો સ્થિતિ ન બદલાઈ તો તેના પર ગંભીરતાથી વિચાર કરવાની જરૂરિયાત છે કે આખરે સમસ્યા ક્યાં છે?

# ત્વરિત ન્યાય માટે

જસ્ટિસ રંજન ગોગોઈએ અદાલતોમાં પડતર કેસોના નિકાલ માટે જજોને જાતે માર્ગ બનાવવાની ફોર્મ્યુલા આપી છે. આ માટે તેમણે કેટલીક સલાહ, કેટલાક નિર્દેશો આપ્યા છે. આ સુપ્રીમ કોર્ટ અને હાઈકોર્ટો સહિત દેશની અદાલતોમાં પડતર ત્રણ કરોડથી પણ વધારે કેસોનું ભારણ ઘટાડવાની એ ફોર્મ્યુલા અંતર્ગત છે જેનો સંકેત તેમણે ૨૯ સપ્ટેમ્બરે યુવા વકીલોને સંબોધિત કરતાં અને ૩ ઓક્ટોબરે દેશના મુખ્ય ન્યાયાધીશ પદના શપથ લીધાના તુરત જ બાદ આપ્યા હતાં. આ એ સંકેત અમલમાં લાવવાની શરૂઆત છે. જસ્ટિસ ગોગોઈએ હાઈકોર્ટના કોલેજિયમ સભ્યો સાથે વીડિયો કન્ફેરેન્સિંગ પર વાત કરી પડતર કેસોમાં ઘટાડો કરવા માટે આક્રમક વલણ અપનાવવા કહ્યું. એ પણ સ્પષ્ટ કરી દીધું કે કઈ રીતે આ તેમની સર્વોચ્ચ પ્રાથમિકતામાં છે. કામના દિવસ દરમિયાન કોઈ પણ પ્રકારની રજા પર રોક આવો જ આકરો ડોઝ છે જે અનુસાર કટોકટીની સ્થિતિને બાદ કરતાં કોઈ પણ જજ કામના દિવસોમાં રજા તો નહીં જ લે, તેમને સેમિનાર, સભા-સંગોષ્ઠિઓ અને આવા કોઈ સત્તાવાર કાર્યક્રમોથી દૂર રહેવું પડશે કારણ કે આવી સક્રિયતા બીજા દિવસના કામ પર અસર કરે છે.

જજોની કમીને લઈને તમામ પ્રકારની અડચણો, ત્વરિત સુનાવણી માટે ફાસ્ટ ટ્રૅક અદાલતોની રચનાની વાત તો થતી રહે છે. કેટલાક ખાસ મામલાઓમાં તો સુપ્રીમ કોર્ટે પણ આવી અદાલતોની રચના કરવાનું સૂચન આપ્યું પરંતુ થયું કંઈ જ નહીં. હકીકત છે કે વિશેષ અદાલતો હોય કે ફાસ્ટ ટ્રેક, બન્ને માટે જજોની સારી એવી સંખ્યા હોવી જોઈએ જે લાંબા સમયની સમસ્યા છે. પ્રયાસો તો પહેલા પણ થયા પરંતુ વધારે સમેકિત રૂપ ન હોવાથી એટલી વ્યાપક અસર જોવા ન મળી. ૨૦૧૩-૧૪માં ચીફ જસ્ટિસ પી સદાશિવમે પણ આવી સ્થિતિનો હવાલો આપતા અદાલતી કાર્ય દિવસોમાં વિદેશી યાત્રાઓ ન કરવાની સલાહ આપી હતી. જસ્ટિસ ગોગોઈ પોતાના કડક વ્યવહાર અને કામ પ્રતિ સમર્પણ માટે જાણીતા છે. તેઓ અદાલતમાં તથ્યોની અલગ જઈ વાત કરવાની બાબતને સમયને વેડફાટ માને છે અને આ માટે સારા-સારા વકીલોને પણ ખખડાવી નાખે છે. તેમણે જે રીતે જજોની એલટીસી પર રોક લગાવી છે તે એ વાતનો ઈશારો છે કે કોઈ પણ રજા ઘણા સમય પહેલા અને સાથી જજોના તાલમેલથી નક્કી થવી જોઈએ જેથી કરીને કામ પર તેની અસર ન થાય. તેમણે જજોના ખાલી પદ કોઈ પણ પ્રકારના દબાણ વિના વહેલી તકે ભરવાની સાથે જ નિચલી અદાલતોમાં કેસોના નિકાલની દૈનિક સમીક્ષાની સંભાવનાઓ શોધવાનો ઈશારો કરીને પણ ઘણુ બધુ સ્પષ્ટ કરી દીધું છે. પડતર કેસોનું ભારણ ઘટાડવા, તેમના ઝડપી નિરાકરણ માટે જે વૈજ્ઞાનિક અને તાર્કિક વિચારશક્તિનો પરિચય તેમણે આપ્યો છે તે વ્યાપક હિતમાં મોટી રાહત આપનાર પગલુ સાબિત થશે. આશા છે કે તેમનો આગામી નિશાનો અંગ્રેજોના જમાનાથી ચાલતી આવી રહેલી અદાલતોમાં ચાલતુ ઉનાળુ વેકેશન હશે અને તેઓ તેના ઉપયોગનો પણ કોઈને કોઈ રસ્તો કાઢશે. જસ્ટિસ ગોગોઈનો આ ડોઝ કેટલાક લોકોને કડવો તો લાગશે પરંતુ સમસ્યા જેટલી વિકરાળ છે તેમાં ઉદાર બનવાથી પણ કામ ચાલતુ નથી. એવા સમમયાં જ્યારે ન્યાય માટે ઝંખતા લોકોની લાંલી લાંબી કતારો જોવા મળી રહી છે ત્યારે ન્યાયતંત્રની ત્રિ-સ્તરીય વ્યવસ્થા બાદ પણ તાત્કાલિક સમાધાન દેખાઈ રહ્યું ન હોય ત્યારે જસ્ટિસ ગોગોઈની ફોર્મ્યુલા મોટી આશા બનીને આવી છે. કેટલાક ખાસ મામલાઓમાં તો સુપ્રીમ કોર્ટે પણ આવી અદાલતોની રચના કરવાનું સૂચન આપ્યું પરંતુ થયું કંઈ જ નહીં. હકીકત છે કે વિશેષ અદાલતો હોય કે ફાસ્ટ ટ્રેક, બન્ને માટે જજોની સારી એવી સંખ્યા હોવી જોઈએ જે લાંબા સમયની સમસ્યા છે. પ્રયાસો તો પહેલા પણ થયા પરંતુ વધારે સમેકિત રૂપ ન હોવાથી એટલી વ્યાપક અસર જોવા ન મળી. ૨૦૧૩-૧૪માં ચીફ જસ્ટિસ પી સદાશિવમે પણ આવી સ્થિતિનો હવાલો આપતા અદાલતી કાર્ય દિવસોમાં વિદેશી યાત્રાઓ ન કરવાની સલાહ આપી હતી. જસ્ટિસ ગોગોઈ પોતાના કડક વ્યવહાર અને કામ પ્રતિ સમર્પણ માટે જાણીતા છે.

# ગરબાની લહાણી કરતાં વધુ મૂલ્યવાન નેતાઓની વાણી!



નવરાત્રિનો મહોત્સવ અત્યારે દેશભરમાં રંગેચંગે ઉજવાઈ રહ્યો છે. આપણે માતાજીના ગુણલા ગાઈને એમને રાજી રાખવાના પ્રયત્નો કરીએ છીએ. માતાજી આપણને પ્રત્યક્ષ દર્શન આપતાં નથી, પરોક્ષ રીતે આપણી તમામ મહત્ત્વાકાંક્ષાઓને થોડા-વત્તા અંશે પૂર્ણ કરે છે. ઠેર ઠેર યોજાતા ગરબાઓમાં ભાવિકો દ્વારા લહાણી પણ વહેંચવામાં આવે છે. અમને તો આ લહાણી કરતાં આપણા નેતાઓ ચૂંટણી પૂર્વે જે મોટાં-મોટાં વચનોની લહાણી કરે છે તે ખૂબ જ ગમે છે. એ વચનોની લહાણીની જાહેરાત સાંભળીને હથેળીમાં રહેલી તમામ એનર્જી વાપરીને જે તાળીઓ પાડીએ છીએ એનો પડઘો એવો જોરદાર હોય છે કે સ્વર્ગમાં બેઠેલા દેવોને પણ ધરતી તરફ નજર નાખવાનું મન થઈ જાય! ગરબે ઘૂમતાં જે તાળીઓ વગાડીએ છીએ એનો ધ્વનિ તો હાથીની આગળ ચકલી ચીં... ચીં... કરતી હોય એવો નેરોગેજ લાગે. પરંતુ અમારા એ ઉત્તમ વિચારોનું સૂરસૂરિયું કરી નાખ્યું આપણા કેન્દ્રીય માર્ગ અને પરિવહન મંત્રી શ્રી નીતિન ગડકરીએ.

થોડા દિવસો પહેલાં મહારાષ્ટ્રના એક રિયાલિટી શોમાં ભાગ લેતાં એમણે જણાવ્યું હતું કે '૨૦૧૪માં ભાજપને વિશ્વાસ હતો કે અમે સત્તા પર આવવાના નથી તેથી પાર્ટીના લોકોએ અમને જુમલાબાજી કરી જનતાને મસમોટાં વચનો આપવાનું સૂચન કર્યું હતું. અમને જણાવવામાં આવ્યું હતું કે જો આપણે સત્તામાં નહી આવીએ તો આ વચનો પૂરાં કરવાની આપણી કોઈ જવાબદારી રહેશે નહીં, હવે જ્યારે જનતા અમને અમારાં વચનોની યાદ અપાવે છે ત્યારે અમે હસીને ટાળી દઈએ છીએ.'

શ્રી નીતિન ગડકરીએ ૨૦૧૪ની ચૂંટણીની ગુપ્તકથા જણાવીને મહારાષ્ટ્રની જનતાને પરોક્ષ રીતે જણાવી દીધું કે આગામી ૨૦૧૯ની લોકસભાની ચૂંટણી જીતવા માટે પણ અમે વચનોની વખાર ખાલી કરીને બધો માલ જનતાના મગજમાં ઠાલવી દઈશું એટલે જનતા વચનોની લોલીપોપ ચાટીને ખુશ થઈ જશે અને લાલચમાં ખેંચાઈને અમને બીજાં પાંચ વર્ષ બોનસમાં આપશે! ખરેખર આવા વિચક્ષણ નેતાઓની દેશને અતિ જરૂર છે. 'રઘુકુલ રીત સદા ચલી આઈ, પ્રાણ જાયે પર બચન ન જાયે...'

અમારી ઓટલા પાર્લામેન્ટમાં ગડકરીજીના ગરગડીની જેમ ગબડતા વિચારો પર લાંબી ચર્ચા ચાલી. માનનીય જટાકાકા ચર્ચાનો આરંભ કરતાં બોલ્યા - 'રાજકારણમાં પડેલા મોટાભાગના નેતાઓની વાણી અને કરણીમાં પોરબંદર અને પાદરા જેટલું અંતર હોય છે. બોલેલું ન પાળવું એ સંસ્કારો એમની રાજકીય ગળથૂથીમાંથી જ મળેલા હોય છે. આ રામરાજ્ય નથી કે મુખમાંથી નીકળેલા વચનને પાળવું પડે. જેમ કાગડા બધે જ કાળા હોય છે, વાંદરા ઓલ વર્લ્ડમાં જમ્પ મારવામાં નિષ્ણાત હોય છે એમ બોલેલું ફેરવી તોળવામાં રાજકારણીઓ પીએચડી થયેલા હોય છે. સંસ્કૃતમાં એક વાક્ય છે - 'વચનેષુ કિં દરિદ્રતા?' એટલે કે બોલવામાં શા માટે ગરીબી રાખવી? જીભને કોતરોમાં ચઢ-ઉતર કરવાનું હોતું નથી, એટલે જે બોલો તે ચાલે.'

આટલું બોલી જટાકાકા લીમડા તરફ તાકવા લાગ્યા. થોડી વાર બાબુ બારદાન સામે જોઈ બોલ્યા, 'બોલ, બાબુડિયા! તારે શું કહેવું છે?'

બાબુકાકા સામે જોઈ બોલ્યો, 'કાકાશ્રી! મેં ક્યાંક વાંચ્યું છે કે સજ્જનો દ્વારા બોલાયેલા વચન પથ્થર પર કોતરેલા અક્ષરો જેવા હોય છે, જ્યારે એ સિવાયના માણસો (દુર્જનો) દ્વારા બોલાયેલા કે અપાયેલાં વચનો પાણી પર લખાયેલ અક્ષરો જેવા હોય છે. અત્યારે સતયુગ નથી એટલે વચનોની વેલ્યૂ ડાઉન થઈ ગઈ છે. ભગવાન રામના સમયમાં વચનની વેલ્યૂ પ્રાણ કરતાં પણ અધિક હતી.' બાબુ આગળ બોલવા જાય તે પહેલાં 'બે મિનિટ... બે મિનિટ...' બોલીને શાયર જીવણલાલ જખ્મીએ બાબુને બોલતો અટકાવ્યો અને એમણે પોતાની કેસેટ ચાલુ કરી.

શાયર બોલ્યા, 'બાબુ! તને ડિસ્ટર્બ કરવા બદલ સોરી! પણ મને રામના વચન પાલનની વાત પરથી એક જોક્સ યાદ આવ્યો તે સંભળાવું છું.' આટલું બોલી શાયરે ખોંખારો ખાઈ ગળું ક્લીન કર્યું પછી બોલવાનો પ્રારંભ કર્યો, 'આ જોક્સ યાદ આવવાનું કારણ રામાયણની એ પંક્તિમાં આવતા બે શબ્દો પ્રાણ અને વચન છે. એકવાર મુંબઈના એક હોલમાં આંતરરાષ્ટ્રીય કાર્યક્રમ હતો. મુંબઈ અને મોટા શહેરોની અનેક નામાંકિત વ્યક્તિઓ કાર્યક્રમ નિહાળવા આવતી હતી. એવામાં હિંદી ફિલ્મોના જાણીતા ખલનાયક પ્રાણ આવ્યા. ડોરકીપરે એમને જવા દીધા. તે પછી અમિતાભ બચ્ચન આવ્યા. ડોરકીપરે એમને અટકાવ્યા. બચ્ચને ડોરકીપરને કહ્યું, 'મુઝે ક્યોં નહીં જાને દેતા?' ડોરકીપરે વિનયથી જવાબ આપ્યો, 'સર! મેરી સરનેમ રઘુવંશી હૈ. રઘુકુલ રીત સદા ચલી આઈ, પ્રાણ જાય પર બચન ન જાયે. પ્રાણ સાહબ થોડી દેર પહલે થિયેટર મેં ગયે. પરંતુ મૈં આપકો નહીં જાને દુંગા. આપ થિયેટર મેં ઘુસેંગે તો રઘુકુલ કી પરંપરા તૂટેગી.' આ સાંભળી અમે બધા પણ હસી પડ્યા.

થોડી ક્ષણો બાદ નરોત્તમ બોલ્યો, 'વચનભંગ કરવાની કુટેવ હવે પ્રત્યેક ક્ષેત્રમાં ઘૂસી ગઈ છે. અમુક યુવકો બબ્બે-ત્રણ-ત્રણ યુવતીઓને વચન આપતા હોય છે કે 'લગ્ન કરીશ તો તારી સાથે જ કરીશ, નહિતર વાંઢો ને વાંઢો મરી જઈશ.' સોગંદ ખાઈને આવાં વચન આપનારા વચનવીરો ચોથી કન્યા સાથે કોર્ટમાં મેજિસ્ટ્રેટ મહારાજની ઉપસ્થિતિમાં હસ્તમેળાપ કરી લેતા હોય છે. કેટેગરી અનુસાર વચનોની વેલ્યૂ કરવાનો સમય હવે પાકી ગયો છે. ખાસ કરીને નેતાઓએ આપેલાં વચનો ચકાસવાનો. અરેરે! હું એ બાબત ભૂલી ગયો કે સત્તાધીશોના ડીજેના ઘોંઘાટમાં મારી પિપૂડી કોઈને ક્યાં સંભળાવાની છે? જટાકાકા, આપનું શું માનવું છે?'

જટાકાકાને ખો આપીને એમની સામે જોયું. કાકા સ્હેજ હસ્યા. નરોત્તમની સામે જોઈને બોલ્યા, 'ભૈ નરોત્તમ! મેં થોડા મહિના પહેલાં આપણી ઓટલા પાર્લામેન્ટના નેજા હેઠળ 'અખિલ ભારતીય સ્વભૂખ નિવારણ પાર્ટી' નામનો નવો પક્ષ રચવાની સૌને વાત કરી હતી.

નરોત્તમ

**સાવચેતી નોટીસ**

અહીં ગ્રાહકોને જાણકારી આપવામાં આવે છે કે નીચે જણાવેલીમાંથી કેટલીક કે બધી ચેનલો જેના (નામ , કાર્ટૂન નેટવર્ક, પોગો, ડબ્લ્યુબી, એચબીઓ, કાર્ટૂનનેટવર્ક એચડી, એચબીઓ એચડી અને સીએનએન ઈન્ટરનેશનલ) ના નીચે જણાવેલ મલ્ટી સિસ્ટમ ઓપરેટર(રો)નો ત્રણ અઠવાડિયા પછી તેમનું જોડાણ રદ્દ થઈ શકે છે.

| ક્રમ નં. | એમએસઓના નામ | ડીએનએસ નોટીફાઈડ એરીયા | જોડાણ રદ્દ થવાનું કારણ |
|---|---|---|---|
| ૧. | જીયા નેટવર્ક | ભારતભરમા ડીપીઓ દ્વારા સંચાલિત ગ્રાહકોને અસર થઈ શકે છે. | ચુકવણી નહી થતા |
| ૨. | સિંધ સેટેલાઈટ | ભારતભરમા ડીપીઓ દ્વારા સંચાલિત ગ્રાહકોને અસર થઈ શકે છે. | એસએમએસ રીપોર્ટમાં નોન સબ્મીશન અને ચુકવણી ના થતા |

મેસર્સ ટર્નર ઈન્ટરનેશનલ ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડના
પક્ષમાં અને તેમના વતી જાહેર હિતમાં પ્રકાશિત
દ્વારા : ઈન્ડિયા કાસ્ટ ડિસ્ટ્રીબ્યુટશન પ્રાઈવેટ લીમીટેડ
૭૦૩, ૭મો માળ, એચડીઆઈએલ કાલેડોનીયા, વિજય નગર
સામે, સહાર રોડ,
અંધેરી (પૂર્વ), મુંબઈ - ૪૦૦ ૦૬૯.

**સાવચેતી નોટીસ**

અહીં ગ્રાહકોને જાણકારી આપવામાં આવે છે કે નીચે જણાવેલીમાંથી કેટલીક કે બધી ચેનલો જેના (નામ સીએનબીસી-ટીવી૧૮, સીએનબીસી-અવાજ, સીએનએન ન્યુઝ૧૮, ન્યુઝ૧૮ ઈંડિયા, સીએનબીસી બજાર, સીએનબીસી-ટીવી-૧૮ પ્રાઈમ એચડી, ન્યુઝ ૧૮ કેરલા, ન્યુઝ ૧૮ તમિલ નાડૂ, ન્યુઝ ૧૮ આસામ/નોર્થ ઈસ્ટ, હિસ્ટ્રી ચેનલ, એફવાયઆઈટીવી૧૮, હિસ્ટ્રી ચેનલ (એચડી), આઈબીએન લોકમત, કલર્સ, એમટીવી, એમટીવી ઈન્ડીઝ, રિશ્તે, નીક, વીએચ-૧, સોનીક, કોમેડી સેન્ટ્રલ એચડી, નીક જુ., કલર્સ ઈન્ફીનિટી, એમટીવી બીટ્સ, રિશ્તે સીનેપ્લેક્સ, કલર્સ સુપર, કલર્સ એચડી, એમટીવી ઈન્ડિઝ એચડી, કલર્સ ઈન્ફીનિટી એચડી, કોમેડી સેન્ટ્રલ એચડી, વીએચ૧ એચડી, નીક એચડી પ્લસ, કલર્સ મરાઠી એચડી, કલર્સ બંગલા એચડી, કલર્સ કન્નડ એચડી, એમટીવી બીટ્સ એચડી, એમટીવી એચડી પ્લસ, સીનેપ્લેક્સ એચડી, કલર્સ ગુજરાતી, કલર્સ મરાઠી, કલર્સ બાંગ્લા, કલર્સ કન્નડ, કલર્સ ઓરિયા, ન્યુઝ ૧૮ઉત્તર પ્રદેશ, ઉતરાંચલ, ન્યુઝ ૧૮ એમપી છત્તીસગઢ, ન્યુઝ ૧૮ રાજસ્થાન, ન્યુઝ ૧૮ ઉર્દૂ, ન્યુઝ ૧૮ બિહાર ઝારખંડ, ન્યુઝ ૧૮ કન્નડ, ન્યુઝ ૧૮ બંગલા, ન્યુઝ ૧૮ હરીયાણા/હિમાચલ પ્રદેશ, કલર્સ તમીલ, કલર્સ તમીલ એચડી, કલર્સ કન્નડ સિનેમા, ન્યુઝ ૧૮ ગુજરાતી અને ન્યુઝ ૧૮ ઉડીયા)ના સિગ્નલ નીચે જણાવેલ મલ્ટી સિસ્ટમ ઓપરેટર(રો)નો ત્રણ અઠવાડિયા પછી તેમનું જોડાણ રદ્દ થઈ શકે છે.:-

| ક્રમ નં. | એમએસઓ નું નામ | ડીએએસ નોટીફાઈડ એરીયા | જોડાણ રદ્દ થવાનું કારણ |
|---|---|---|---|
| ૧. | જીયા નેટવર્ક | ભારતભરમા ડીપીઓ દ્વારા સંચાલિત ગ્રાહકોને અસર થઈ શકે છે. | ચૂકવણીં ના થતા |
| ૨. | સિંધ સેટેલાઈટ | ભારતભરમા ડીપીઓ દ્વારા સંચાલિત ગ્રાહકોને અસર થઈ શકે છે. | એસએમએસ રીપોર્ટના નોન-સબમીશન અને ચૂકવણીં ના થતા |

ટીવી૧૮ બ્રોડકાસ્ટ લીમીટેડ માટે અને તેના વતી જાહેર હિતમાં પ્રકાશિત
દ્વારા : ઈન્ડિયા કાસ્ટ મિડીયા ડિસ્ટ્રીબ્યુટશન પ્રાઈવેટ લીમીટેડ
૭૦૩, ૭મો માળ, એચડીઆઈએલ કાલેડોનીયા, વિજય નગર સામે, સહાર રોડ,
અંધેરી (પૂર્વ), મુંબઈ - ૪૦૦૦૬૯

**RADHE DEVELOPERS (INDIA) LIMITED**

CIN: L45201GJ1995PLC024491
Regd. Office: 1st Floor, Chunibhai Chambers, Behind City Gold Cinema, Ashram Road, Ahmedabad-380009
Phone: +91 79-26583381 | Website: www.radhedevelopers.com |
E-mail: secretarial@radheinfra.com

**NOTICE**

Pursuant to Regulation 29 read with Regulation 47 of the Securities and Exchange Board of India (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015 (Listing Regulations), Notice is hereby given that a meeting of the Board of Directors of the Company is scheduled to be held on **Friday, October 26, 2018,** inter alia, to consider and approve Unaudited Financial Results of the Company for the quarter and half year ended on September 30, 2018.
The said Notice may be accessed on the Company's website at www.radhedevelopers.com and may also be accessed on the Stock Exchange websites at www.bseindia.com.
Pursuant to this, the Company has decided that the close period (i.e. closure of trading window) would **commence from 6:00 p.m. on October 17, 2018 and end 48 hours after the results are made public on October 26, 2018.**

For **Radhe Developers (India) Limited**
Sd/-
**Dipen A. Dalal**
**Company Secretary & Compliance Officer**

Place: Ahmedabad
Date: October 17, 2018

Edi:Chunilal S. Bhatt, Printer & Pub. : Mayur C. Bhatt, Place of Pub.: 201-2-8, Nandan Compllex,Opp. Mithakhali Rly Crossing, Mithakhali, Ahmedabad-6 Place of Printing : Mahadev Offset, H-47 Ravi Estate, Rustam Mill Compound, Dudheshwar, Ahmedabad-4. Owner : Kalyani Pub. Pvt. Ltd.